૬૦૧ / ૩,૮૦૦

# બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા

## સત્સંગ શિક્ષણ પરીક્ષા (પૂર્વ કસોટી - ૧૯ જૂન, ૨૦૦૫)

(સમય : સવારે ૯ : ૦૦ થી ૧૨ : ૦૦) **સત્સંગ પ્રવીણ : પ્રશ્નપત્ર - ૧**

**નોંધ : જમણી બાજુએ આપેલા અંકો તે પ્રશ્નના જવાબના પાના નંબર દર્શાવે છે.** (કુલ ગુણ : ૧૦૦)

### વિભાગ-૧ : શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના - નવમી આવૃત્તિ, એપ્રિલ ૨૦૦૩

**પ્રશ્ન.૧. નીચેનામાંથી કોઈપણ બે વિષયોના સંદર્ભમાં શાસ્ત્રનાં ત્રણ ત્રણ પ્રમાણો આપો.** (૬ ગુણ)

૧. દિવ્યભાવની સમજણ માયાની નિવૃત્તિ કે આત્યંતિક મુક્તિ માટે આવશ્યક છે. ૨૧
૨. કર્તાપણું કેવી રીતે ? ૫
૩. સાકાર સ્વરૂપમાં રુચિ. ૯
૪. બ્રહ્મરૂપ થવાની આવશ્યકતા ૯૮

**પ્રશ્ન.૨. નીચેના પ્રમાણ, સિદ્ધાંત કે કડી પરથી વિષયનું શીર્ષક આપો.** (૫ ગુણ)

૧. જે જે જીવ મારે શરણે આવ્યા છે ....... તેને સર્વેને હું સર્વોપરી એવું જે મારું ધામ છે તેને પમાડીશ. ૩૩
૨. 'બ્રહ્મવિદાપ્નોતિ પરમ્' અર્થાત્ બ્રહ્મને જાણે છે તે પરબ્રહ્મને પામે છે. ૧૦૨
૩. 'વંદુ ગુણાતીતાનંદ સ્વામી, જેહી પર રીઝે અંતર્યામી.' ૧૧૫
૪. મૂર્તિયું, શાસ્ત્ર ને તીર્થ મળીને એક સાધુ ન કરે, ને એવા મોટા સંત હોય તો મૂર્તિયું, શાસ્ત્ર ને તીર્થ ત્રણેને કરે. ૬૬
૫. બીજાથી આવું ન બોલાય, પંડનું વર્તન સારું ન હોય તો શું બોલી શકે ? કદાચ બોલે તો પણ ભાર ન પડે. ૧૩૨

**પ્રશ્ન.૩. આપેલા વિકલ્પોમાંથી સાચા વિકલ્પો લખો.** (૪ ગુણ)

**નોંધ : એક કે એકથી વધારે જવાબ સાચા હોઈ શકે. તમામ સાચા જવાબ જણાવ્યા હશે તો જ પૂર્ણ ગુણ મળશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. વ્યાપક થકા મૂર્તિમાન ૧૬
(અ) બ્રહ્મ તો એક દેશી છે, પણ સર્વદેશી નથી. (બ) ભગવાન આકાશની પેઠે અરૂપ થકા વ્યાપક છે.
(ક) ભગવાન એક ઠેકાણે જ રહ્યા છે. (ડ) ભગવાન અક્ષરધામમાં જ છે. બીજે બધે નથી.

૨. મોક્ષ માટે પ્રગટ ભગવાન કે સંત ૭૧
(અ) મળે પ્રભુ પ્રગટ પ્રમાણ રે, કાં તો તેના મળેલ કલ્યાણ રે.... (બ) આ ભવસાગર પાર ઉતારે હરિ કે હરિ કો દાસ
(ક) પણ સર્વેના કારણ જેહ, તે તો સ્વામી સહજાનંદ એહ (ડ) મારું ધામ છે રે, અક્ષર અમૃત જેનું નામ

**પ્રશ્ન.૪. નીચેનામાંથી કોઈપણ એક પ્રસંગ વર્ણવી તેનો સિદ્ધાંત લખો. (બારેક લીટીમાં)** (૪ ગુણ)

૧. સાચા ઉપાસક નિત્યાનંદ સ્વામી. ૫૦
૨. ચૈત્રી પૂનમના સમૈયે વડતાલમાં ગુણાતીતાનંદ સ્વામીએ આપેલી પોતાની ઓળખાણ. ૧૨૩
૩. હમ નહિ તો હમ જૈસા રખેંગે. ૧૨૦
૪. ''દાદા ખાચરનાં નળિયાંનું ધ્યાન કરો '' પ્રસંગ સમજાવો. ૭૧

**પ્રશ્ન.૫. કોઈપણ બે વિષે વિવરણ લખો. (બારેક લીટીમાં)** (૮ ગુણ)

૧. ભગવાનને નિરાકાર સમજે તો પંચ મહાપાપ કરતાં પણ મોટું પાપ છે. ૧૧
૨. મોક્ષ માર્ગમાં અક્ષરબ્રહ્મની આવશ્યકતા ૧૦૦
૩. ગુણાતીત સંતનો મહિમા : પરોક્ષ શાસ્ત્રોમાં ૯૨
૪. શ્રીજીમહારાજનું સર્વોપરીપણું - 'સ્વામીની વાતું'ના આધારે ૩૫

**પ્રશ્ન.૬. નીચે આપેલાં વાક્યોમાંથી કોઈપણ બે વિષે કારણ આપો. (બારેક લીટીમાં)** (૮ ગુણ)

૧. શાસ્ત્રના શબ્દો એકાંતિક ભક્ત વિના બીજાને સમજાતા નથી. ૧૩
૨. એકાંતિક ભક્તને દેહે કરીને મરવું તે મરણ નથી. ૨૬
૩. શાસ્ત્રીજી મહારાજ ભોયકા માલજી સોનીને મળવા ગયા. ૧૨૭
૪. અવતારોમાં જે સામર્થ્ય છે તે પુરુષોત્તમ નારાયણને લઈને છે. ૫૯

**પ્રશ્ન.૭. ઉપાસનામાં શું સમજવું ? અને શું ન સમજવું ? તેના આધારે નીચેનાં વાક્યની પૂર્તિ કરો.** (૮ ગુણ)

(ઉપાસનામાં શું સમજવું ?)
૧. સગુણપણું અને ....... અતિશય સૂક્ષ્મ છે. ૧૪૩
૨. આ લોકમાંથી અંતર્ધાન ....... પ્રગટ છે. ૧૪૪
૩. આવા પ્રગટ બ્રહ્મસ્વરૂપ ....... ભક્તિનો અધિકારી થાય છે. ૧૪૪

(પાછળ જુઓ)

**પ્રતિ,**
**પરીક્ષા વ્યવસ્થાપક (તા. ૧૯ જૂન, ૨૦૦૫ પરીક્ષા : સત્સંગ પ્રવીણ-૧ માધ્યમ : ગુજરાતી સમય : સવારે ૯ : ૦૦ થી ૧૨ : ૦૦)**

સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ દ્વારા કરવામાં આવેલ પૂર્વ કસોટીના આયોજનમાં મેં જાતે વર્ગમાં (બેઠકખંડમાં) હાજરી આપીને પરીક્ષા આપી છે અને નીચેની વિગતો મેં સાચી ભરેલી છે તે આપ જાણશો.

**૬૦૧**

પરીક્ષાર્થીની અટક :- પરીક્ષા આપી તે તારીખ :-
પરીક્ષાર્થીનું નામ :- પરીક્ષા આપી તે સમય :-
પિતા / પતિનું નામ :- બેઠક ક્રમાંક :- | | | | | | |
પરીક્ષા સ્થળનું નામ :- કેન્દ્ર નંબર :- | | | | |
પરીક્ષાર્થીની સહી :- કેન્દ્રનું નામ :-

**નોંધ :- ફક્ત વર્ગમાં હાજર રહેલા પરીક્ષાર્થીઓએ જ ભૂલ્યા વગર આ હાજરી સ્લીપ કાપીને, તેમાં માગ્યા મુજબની વિગતો ભરીને, તેમના કેન્દ્ર વ્યવસ્થાપકને પરત આપવાની છે. ફક્ત વર્ગમાં હાજર રહેલા તમામ પરીક્ષાર્થીઓની હાજરીની સ્લીપો ભેગી કરીને, તેની સંખ્યા પૂર્વ કસોટીના અહેવાલમાં લખીને, સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય-અમદાવાદ ખાતે પરત જમા કરાવવાની છે.**

૪. અન્ય અવતારો ....... સ્પષ્ટ ભેદ છે. ૧૪૨

૫. શ્રીજીમહારાજ પૂર્ણ પુરુષોત્તમનારાયણ ....... પ્રગટ અને દિવ્ય છે. ૧૪૨

(ઉપાસનામાં શું ન સમજવું ?)

૧. આજ્ઞા પાળ્યા ....... તેમ ન સમજવું. ૧૪૫

૨. અક્ષરબ્રહ્મ અને ....... તેમ ન સમજવું. ૧૪૫

૩. વચનામૃતાદિ ....... તેમ ન સમજવું. ૧૪૫

**પ્રશ્ન.૮. વિસ્તારથી નોંધ લખો. (૫ ગુણ)**

૧. અક્ષરધામાધિપતિ સર્વોપરી શ્રીહરિ ૩૦

## વિભાગ-૨ : સત્સંગ વાચનમાળા ભાગ-૩ - પાંચમી આવૃત્તિ, મે ૨૦૦૧ તથા યુગવિભૂતિ પ્રમુખસ્વામી મહારાજ - તૃતીય આવૃત્તિ, જુલાઈ ૨૦૦૦

**પ્રશ્ન.૯. નીચેનામાંથી કોઈપણ બે વિધાનો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (૬ ગુણ)**

૧. ''તારા જીવ સામું જોઉં છું તો અરધો સત્સંગ રહ્યો છે.'' (સ.વા. ભાગ-૩) ૬૯

૨. ''યજ્ઞનારાયણ દર્શન દે કે નહિ ?'' (સ.વા. ભાગ-૩) ૫

૩. ''અરે ! આ તો રેસનો ઘોડો છે !'' (યુગવિભૂતિ) ૨૯

૪. ''ગાડી જમણી તરફ વાળી લે.'' (યુગવિભૂતિ) ૪૨

**પ્રશ્ન.૧૦. નીચે આપેલાં વાક્યોમાંથી કોઈપણ બે વિષે કારણો આપો. (બારેક લીટીમાં) (૬ ગુણ)**

૧. પર્વતભાઈના હાથમાંથી દહીં અને રોટલો પડી ગયાં. (સ.વા. ભાગ - ૩) ૫૯

૨. રાઘવે બાવાઓને ધમકાવ્યા. (સ.વા. ભાગ - ૩) ૨૦

૩. ડેવિડને લાગ્યું કે આધ્યાત્મિકતાનું આ જ ઊંચામાં ઊંચું શિખર છે. (યુગવિભૂતિ) ૨૦

૪. દારેસલામ ઍરપોર્ટના અધિકારીઓ સ્વામીશ્રીનાં ચરણોમાં ઝૂકી પડ્યા. (યુગવિભૂતિ) ૩૩

**પ્રશ્ન.૧૧.નીચેના વિષયો પર મુદ્દાસર વિવરણ લખો. (૮ ગુણ)**

૧. કુશળકુંવરબાની ભક્તિ (સ.વા. ભાગ - ૩) ૫૨, ૫૩, ૫૪

**અથવા** શ્રીજીના ભોમિયા લાલજી ભક્ત (સ.વા. ભાગ-૩) ૩૧

૨. જુદી જ અસ્મિતાનો રણકાર (યુગવિભૂતિ) ૪૭

**અથવા** આંદોલનનો સુખદ અંત (યુગવિભૂતિ) ૫૫

**પ્રશ્ન.૧૨. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો. (૬ ગુણ)**

૧. કુશળકુંવરબા કયા બે નિયમો પાળતાં હતાં ? (સ.વા. ભાગ - ૩) ૫૦

૨. મુક્તાનંદ સ્વામીએ પતિવ્રતાની ટેક દર્શાવતાં કયું પદ રચ્યું હતું ? (સ.વા. ભાગ - ૩) ૨૧

૩. દીકરાએ શેઠાણીને શું કહ્યું ? (સ.વા. ભાગ - ૩) ૬૫

૪. ભગવાન સ્વામિનારાયણને અંજલિ આપતાં ગાંધીજીએ શું કહ્યું છે ? (યુગવિભૂતિ) ૬

૫. પ્રમુખસ્વામી મહારાજનું વિશ્વમાં કઈ કઈ પાર્લામેન્ટમાં સન્માન થયું છે ? (યુગવિભૂતિ) ૧૩

૬. અમેરિકાના ભાવિક શ્રી કોગ્સવેલે સ્વામીશ્રીને શું પૂછ્યું ? (યુગવિભૂતિ) ૨૧

**પ્રશ્ન.૧૩. આપેલા વિકલ્પોમાંથી સાચા વિકલ્પો લખો. (૬ ગુણ)**

**નોંધ : એક કે એકથી વધારે જવાબ સાચા હોઈ શકે. તમામ સાચા જવાબ જણાવ્યા હશે તો જ પૂર્ણ ગુણ મળશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. કુશળકુંવરબાએ મહારાજની આરતી ઉતારી. (સ.વા.ભા.-૩) ૫૫

(અ) ૧૧ વખત (બ) ૨૫ વખત (ક) ૧૫ વખત (ડ) ૨૨ વખત

૨. પર્વતભાઈની સંતો સાથે આત્મબુદ્ધિ (સ.વા.ભા.-૩) ૬૧

(અ) મારે તો નિયમ છે (બ) મહારાજ બહુ વાર થઈ.

(ક) તમે દાદા ખાચરના ગોલા થશો (ડ) હસ્તે સ્વામિનારાયણની જેમ હિસાબ રાખતા

૩. પ્રમુખસ્વામીએ કરેલી પ્રાર્થના (યુગવિભૂતિ) ૫૫

(અ) બાયપાસ સર્જરી વખતે (બ) લંડનમાં મોડી રાત્રે વરસાદ માટે

(ક) શ્રી ફ્રેન્કનું જીવન શાંતિમય બનાવવા માટે (ડ) ૧૯૮૧ના આંદોલનના સુખદ અંત માટે

## વિભાગ-૩ : નિબંધ

**પ્રશ્ન.૧૪. નીચેનામાંથી કોઈપણ એક વિષય પર આશરે ૬૦ લીટીમાં નિબંધ લખો. (૨૦ ગુણ)**

૧. ઘોર અંધકારમાં ચારિત્ર્યના દીપકો - સ્વામીશ્રીના આશ્રિતો. ૨. નીલકંઠની હિમાલયયાત્રા

૩. માળા : સાધનાનું અનેરું સાધન

**નોંધ :- ઉપરોક્ત જે નિબંધની યાદી છે તેમાંથી એક નિબંધ તથા તમામ પ્રશ્નોમાંથી ઓછા-વત્તા (થોડા-ઘણા) પ્રમાણમાં પ્રશ્નો તા. ૧૭ જુલાઈ, ૨૦૦૫ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષામાં પુછાશે.**

❋ ❋ ❋